મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૮-૦૧-૨૦૨૫
મંગળવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૯૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

## પાંચોટ ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતનાં અધ્યક્ષસ્થાને ૭૬મા પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાન સાથે ઉજવણી

# બંધારણ ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક લોકતંત્ર અને પ્રજાસત્તાક તરીકે સ્થાપિત કરે છે: મંત્રી બલવંતસિંહ રાજપુત

### પાંચોટ ખાતે ૭૬ મા પ્રજાસત્તાક પર્વ નિમિતે ત્રિરંગો લહેરાવી ધ્વજ વંદન કરતાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુત

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર નિર્માણ માટેના દ્રઢ મનોબળના કારણે આજે ભારતની તસવીર અને તાસીર બદલાઇ છે








(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

આજે ભારતનાં ૭૬ મા પ્રજાસત્તાક પર્વની ઠેર-ઠેર ભારે હર્ષોલ્લાસ, ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રમત ગમત સંકુલ પાંચોટ, મહેસાણા ખાતે કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને ૭૬મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર ખાદી અને ગ્રામ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે રમત ગમત સંકુલ પાંચોટ ખાતે ધ્?વજવંદન કરી પરેડનું નિરીક્ષણ કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજન અને પોલીસ અધિક્ષકશ્રી તરુણ દુગ્ગલ પણ સાથે જોડાયા હતા.

આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ઉદબોધન કરતાં કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે સૌને ગણતંત્ર દિવસની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા રાષ્ટ્રીય નેતાઓના નેતૃત્વમાં લડાયેલી આઝાદીની લડતમાં અનેક લોકોએ પોતાના બલિદાન આપ્યા પછી આપણને આઝાદી પ્રાપ્ત થઈ છે. આઝાદી બાદ વર્ષ ૧૯૫૦માં આજના દિવસે જ આપણું બંધારણ અમલમાં આવ્યું હતું. બંધારણના ઘડવૈયા એવા ડૉ. બાબા સાહેબ આંબેડકરે ભૂતકાળના ભવ્ય ઐતિહાસિક વારસો, આઝાદી બાદ દેશના સર્વાંગી વિકાસ માટે તે સમયે દેશની જરૂરિયાત અને ભવિષ્યના ભવ્ય ભારતની કલ્પના અંગે તમામ વિચાર કરીને આદર્શ વૈચારિક ચેતનાને બંધારણનું સ્વરૂપ આપ્યું હતું. તે ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક લોકતંત્ર અને પ્રજાસત્તાક તરીકે સ્થાપિત કરે છે. તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય તથા વિચાર અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા અને સમાનતા પણ બંધારણે જ આપી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. બાબા સાહેબ આંબેડકર જેવા મહાપુરુષે પોતાનું જીવન દેશની આઝાદી માટે ખર્ચી નાખ્યું હતું. લોકમાન્ય તિલક, સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, શહીદ ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ, મદનલાલ જેવા શહીદોએ પોતાના જીવન આઝાદી માટે હોમી દીધા હતા ત્યારે આપણને આજે આ આઝાદીના મીઠા ફળો ખાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વહીવટી કુશળતા, ત્વરિત નિર્ણયશક્તિ, પરિણામલક્ષી કામગીરી, સર્વાંગી વિકાસ માટે સંવેદનશીલતા અને રાષ્ટ્ર નિર્માણ માટે દ્રઢ મનોબળના કારણે આજે ભારતની તસવીર અને તાસીર બદલાઈ છે.

આ પ્રસંગે જિલ્લાની વિવિધ કોલેજ-સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની સાંસ્કૃતિક કૃતિઓની જોશભરી પ્રસ્તુતિએ સમગ્ર વાતાવરણને દેશભક્તિની લાગણી અને ઉર્જાથી ભરી દીધું હતું. આ ઉપરાંત વિવિધ યોજનાઓની ઝાંખી કરાવતા જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા ટેબ્લો પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મંત્રીશ્રીના હસ્તે જિલ્લા કલેકટરશ્રીને રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે મંત્રીશ્રી સહિતનાં મહાનુભાવોના હસ્તે જિલ્લાનાં વિવિધ વિભાગનાં અધિકારી/ કર્મચારીશ્રીઓને ઉત્તમ કામગીરી બદલ સન્માનપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં અંતમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવોનાં હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદશ્રી હરિભાઈ પટેલ, મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, બેચરાજી ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, અગ્રણી સર્વે શ્રી ગીરીશભાઈ રાજગોર, ભગાજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. કે. જેગોડા અને જિલ્લાના પદાધિકારી/ અધિકારીઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓ સહિત નાગરિકો ઉપસ?થિત રહ્યા હતાં.

---

#### ૭૬માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જિલ્લાના રાજકીય, સામાજીક અને સંસ્થાકીય આગેવાનોની ઉપસ્થિતી

## મહેસાણા જિલ્લા માહિતીખાતાના ફોટોગ્રાફર ચંદુભાઈ પટેલનું ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂતના હસ્તે કરાયેલ બહુમાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા જિલ્લાના પાંચોટ ગામે સ્પોર્ટ સેન્ટર ખાતે દેશનો ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી દબદબાભેર કરવામાં આવી હતી. જિલ્લાની તમામ સરકારી કચેરીના વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીના ટેબ્લો, પોલીસ પરેડ, સાંસ્કૃતિક કર્યક્રમ સહ ત્રિરંગો લહેરાવીને સલામી આપવામાં આવી હતી. રાષ્ટ્રગામન તેમજ દેશભક્તિના ગીતોની સુરાવણી વચ્ચે કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવામાં આવયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કલેકટર એમ. નાગરાજન, રાજયના ઉદ્યોગપ્રધાન બળવંતસિંહ રાજપુત, લોકસભા સાંસદ હરિભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ કયંકભાઈ નાયક, ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય સુખાજી ઠાકોર સહિત તમામ રાજકીય પક્ષના આગેવાનોની ઉપસ્થિતિમાં વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કામગીરી કરનાર લોકોને બહુમાન આપવામાં આવ્યું જે પૈકી અહીંની માહિતી કચેરીના ફોટોગ્રાફર ચંદુભાઈ જી. પટેલનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઉદ્યોગમંત્રીના હસ્તે સન્માન પત્ર એનાયત કરીને બહુમાન કરવામાં આવ્યુ હતું.



માહિતી કચેરીના ફોટોગ્રાફરનું સન્માન થતાં કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓમાં આનંદની લાગણી છવાયેલી જોવા મળી હતી.

અત્રે નોંધનીય છેકે, ફોટોગ્રાફર ચંદુભાઈ પટેલ દ્વારા જિલ્લાના ઐતિહાસિક ગણાતા વડનગર, મોઢેરા સહિતના વિવિધ વિસ્તારમાં આવેલ અનેક સાંસ્કૃતિક વારસાઓને કચકડે કંડારવાનું કાર્ય વર્ષોથી કરવામાં આવી રહ્યું છે. ફોટોગ્રાફી દ્વારા ઐતિહાસિક સ્થળો તેમજ સરકારી કાર્યક્રમોને સતત જીવંત રાખવા માટે તેઓએ માહીતી કચેરીને યોગદાન પૂર્ણ પાડેલ છે.

## મહેસાણા જિલ્લા ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા હાઈવે સ્થિત એપોલો એક્લવ ખાતે ઈક્રમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન ને ૭૫ વર્ષ પૂર્ણતા સાથે ૭૬ માં ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ જેમાં ઈક્રમટેક્સ સિનિયર બેરર ઓફિસર એમ એ વોહરા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું.




આ પ્રસંગે ઈક્રમટેક્સ ડિપાર્ટમેન્ટ ના ઓફિસર્સ તેમજ સમસ્ત સ્ટાફ, પી ડી મહેતા તેમજ વેપારી મિત્રો મોટી સંખ્યામાં હાજર રહેલ અને રાષ્ટ્રગીત તેમજ વંદે માતરમ સાથે ભારત માતાકી જયના નારા બોલી ઉજવણી કરવામાં આવેલ.

---

#### જમીન બચાવો અભિયાન સાથે સમગ્ર ભારતની સાઇકલ યાત્રા કરનાર યુવાન મહેસાણા પહોંચ્યો

## સાંસદ હરિભાઈ પટેલે સાઇકલયાત્રીને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

દેશની માટી એ દેશનું સાચું ગૌરવ છે.તંદુરસ્ત ખોરાક તંદુરસ્ત માટી જ આપી શકે.દેશની માટીને બચાવવા એક વિશેષ અભિયાન ઉત્તરપ્રદેશના લલિતપુર થી મોહિત નિરંજન નામના યુવાન દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.આ અભિયાન અંતર્ગત મોહિત સમગ્ર ભારતની સાઈકલયાત્રા કરી રહ્યા છે.આ યાત્રા દરમિયાન મોહિત દ્વારા વિવિધ વિસ્તારમાં શાળા અને કોલેજમાં જાગૃતિ વિષયક કાર્યક્રમ કરવાની સાથે સાથે સમાજની ઉન્નતિનો ભાર જેના શિરે છે તેવા લોકોની મુલાકાત કરવામાં આવી રહી છે.ત્યારે આજે સમગ્ર માનવજાતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે નીકળેલો આ યુવાન મહેસાણા ખાતે આવી પહોંચ્યો હતો.જ્યાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલની મુલાકાત કરી અને પોતાના આ અભિયાન અંગે ચર્ચા કરી હતી.

ખેડુત પુત્ર અને માટી સાથે જોડાયેલ સાંસદ હરિભાઈ પટેલ આજીવન પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યા ઉપર સતત ચિંતા કરતા આવ્યા છે.

આ કારણે સાંસદ હરિભાઈ પટેલ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના અભિયાન સાથે જોડવા પણ ગ્રામ્ય વિસ્તારમાં પ્રયાસ થયો છે.આજે સાઈકલ યાત્રી મોહિત નિરંજન સાથે સાંસદે આ બાબતે ચર્ચા કરી તેમના આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું.માટીની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે મહેસાણા જિલ્લામાં શક્ય તમામ પ્રયાસ કરવાની પણ સાંસદે ખાતરી આપી હતી. તો આ અંગે સાંસદ હરિભાઈ પટેલે કહ્યું કે,વાતાવરણમાં કાર્બન છોડતી માટી તાપમાનમાં વધારો અને આબોહવામાં ઝડપી ફેરફાર તરફ દોરી જાય છે.આ માટે સરકાર દ્વારા પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.પણ જ્યાં સુધી ખેડુત જાગૃત નહીં થાય ત્યાં સુધી તમામ સ્થળે જૈવિક ખેતી શક્ય નથી.

આ માટે સરકારના પ્રયાસમાં ખેડૂતોની પણ એટલી જ ભાગીદારી જરૂરી છે.

---

#### વિદ્યાર્થીઓએ ગામમાં રેલી નું પ્રસ્થાન કરીને 'ભારત માતાકી જય' જુસ્સો વધાર્યો હતો

## પુનાસણ અનુપમ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત વર્ષ દરમિયાન દીકરી જન્મેલ ધાત્રી માતાઓનું ભેટ આપી કરાયેલ સન્માન






(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા તાલુકાની પુનાસણ અનુપમ પ્રાથમિક શાળામાં ૭૬' માં પ્રજાસત્તાક દિવસની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ગામમાં રેલી નું પ્રસ્થાન કરીને 'ભારત માતાકી જય' જુસ્સો વધાર્યો હતો. 'દીકરીને સલામ, દેશ કે નામ' અંતર્ગત તેજસ્વી દીકરી દ્વારા મહેમાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાલવાટિકા થી લઈ ધોરણ ૮ના વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, દેશભક્તિ ગીત, રાસ,ગરબો, સોશિયલ મીડિયા જાગૃતિ નાટક, બેટી બચાવો થીમ, પિરામિડ - સ્ટન્ટ દ્વારા સુંદર મજાના માહિતી સભર અને મનોરંજક કાર્યક્રમો યોજાયા હતા. વર્ષ દરમિયાન શાળાને મદદરૂપ થનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત વર્ષ દરમિયાન દીકરી જન્મેલ ધાત્રી માતાઓનું ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભમાં વિજેતા ખેલાડીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.ગામના વડીલો, યુવાનો, માતાઓ બહેનોએ મોટા પ્રમાણમાં હાજર રહી વિદ્યાર્થીઓ અને શાળાનો ઉત્સાહ વધાર્યો હતો. ગ્રામજનોએ દાન આપી શાળામાં શ્રદ્ધા પ્રગટ કરી અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.




# ગૌરવશાળી ઈતિહાસ જ ભારતની મૂડી

ઈતિહાસ લેખનની વિસંગતિઓ વિશે કેટલાય મંચો પર, કેટલાય મહાનુભાવો દ્વારા ઘણું કહેવાઈ ચૂક્યું છે. ખોટી રીતે ભણાવાતા ઈતિહાસને બદલવાની જરૂરિયાત રેખાંકિત તેઓ કરી ચૂક્યા છે. કેન્દ્ર સરકાર પણ એ દિશામાં આગળ વધતી પ્રતીત થાય છે, જે સારી વાત છે. વાસ્તવમાં ભારતનો ગૌરવશાળી ઈતિહાસ અને શિક્ષણ તેની સૌથી મોટી સંપત્તિ છે.

આપણું દાયિત્વ માત્ર દેશના ગૌરવની રક્ષા કરવાનું જ નહીં, પરંતુ વિશ્વને તેનાં મૂલ્યોથી પ્રેરિત કરવાનું પણ છે. તેથી ઈતિહાસકારોએ જ્ઞાનવર્ધક અને વૈજ્ઞાનિક સામગ્રી તૈયાર કરવી જોઈએ, જેનાથી ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાને એક નવું વૈશ્વિક પરિપ્રે-ય આપી શકાય. આગામી ૨૫ વર્ષ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે. ૨૦૪૭માં ભારત પોતાની આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે. એવી સ્થિતિમાં એક ગૌરવાન્વિત રાષ્ટ્ર માટે સમ્યક ઈતિહાસ બોધ અનિવાર્ય છે. ભારત બોધ માટે એવું ઈતિહાસ લેખન અનિવાર્ય છે, જે ભારત કેન્દ્રિત અધ્યયનને ઉત્તેજન આપે, પ્રમાણ વગર કશું જ ન લખે, ભારતના ગૌરવ બોધને ઉત્તેજન આપે અને રાષ્ટ્રનો આત્મવિશ્વાસ વધારીને તેને વૈશ્વિક શક્તિ બનાવવામાં યોગદાન આપે.

દાર્શનિક ફ્રાન્સિસ બેકન અનુસાર સત્ય સત્તાની નહીં, કાળની પુત્રી છે, કારણ કે સત્યને પ્રમાણની જરૂર નથી હોતી. સત્ય અનુકૂળ સમય પર સ્વયં પ્રમાણિત થાય છે. યુરોપમાં પુનર્જાગરણ કાળમાં દાર્શનિકોએ કુતર્ક-અંધવિશ્વાસને પડકાર આપ્યો અને સફળતાપૂર્વક સત્યને સ્થાપિત કર્યું. ભારતના સંદર્ભે પણ લાંબા સમય સુધી ઉપનિવેશિક ઈતિહાસકારોએ પોતાના કુત્સિત ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે ઈતિહાસને હથિયાર રૂપે ઉપયોગ કર્યો અને ભારતને પરાજિત, દીન-હીન અને કમજોર દેશ રૂપે ચિત્રિત કર્યો.

થોમસ બેબિંગ્ટનને ભારતમાં અંગ્રેજી શિક્ષણના જનક માનવામાં આવે છે, જેમને લોર્ડ મેકોલે પણ કહેવામાં આવે છે. મેકોલેએ ૨ ફેબ્રુઆરી, ૧૮૩૫ના રોજ પોતાનો પ્રસિદ્ધ સ્મરણ પત્ર રજૂ કર્યો. વિલિયમ બેન્ટિકે તેને સ્વીકાર કરતાં અંગ્રેજી શિક્ષણ અધિનિયમ, ૧૮૩૫ પસાર કર્યો. તેણે ભારતમાં આધુનિક બ્રિટિશ શિક્ષણનો પાયો નાખ્યો. મેકોલેની શિક્ષણ નીતિ અંતર્ગત ભારતના ઉચ્ચ તથા મધ્યમ વર્ગના એક નાનકડા વર્ગને શિક્ષિત કરવો હતો, જેનાથી એક એવો વર્ગ તૈયાર થઈ શકે જે રંગેરૂપે ભારતીય હોય, પરંતુ વિચારો અને નૈતિકતામાં બ્રિટિશ હોય.

આ વર્ગ સરકાર અને આમ જનતા વચ્ચે એક કડી રૂપે કાર્ય કરે અને ભારતમાં અંગ્રેજી શાસનની કાયદેસરતાને પ્રોત્સાહન આપે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને તિરસ્કૃત દૃષ્ટિથી જોવી અને ભારતીયોમાં હીન ભાવના વ્યાપ્ત કરવાનો હતો, જેનાથી ભારતીય આસાનીથી બ્રિટિશ શાસનને સ્વીકાર કરી લે.

રૂડયાર્ડ કિપલીંગ (હા, એ જ, ‘જંગલબુક’ લખનારા લેખક!) દ્વારા લખવામાં આવેલી કવિતા ‘શ્વેત વ્યક્તિ પર ભાર’ પણ એ જ ક્રમમાં પ્રસ્તુત કરવામાં આવી હતી, જેમાં કહેવાયું છે કે ગોરા લોકો પર કાળા, અસભ્ય અને બર્બર લોકોને આધુનિક સભ્યતાથી પરિચિત કરાવવાની દૈવીય જવાબદારી છે! જેમ્સ મિલ, એલફિંસ્ટન, જ્હોન બ્રાઈટ, જ્હોન સ્ટ્રેચી જેવા ઉપનિવેશિક માનસિકતા ધરાવતા ઈતિહાસકારોએ પશ્ચિમી દૃષ્ટિકોણથી ભારતીય ઈતિહાસને પ્રસ્તુત કરીને ભારતના શ્રેષ્ઠ ઈતિહાસને ખંડિત કરવાનો પ્રયાસ કર્યો. તેને સ્વામી વિવેકાનંદે છદ્મવેશી ઐતિહાસિક પ્રચાર કહ્યો. આઝાદી બાદ મેકોલેની શિક્ષણ નીતિને ચાલુ રાખવામાં આવી. તેનું પરિણામ બહુ દુઃખદાયક રહ્યું. આજે આપણી શિક્ષણ સંસ્થાઓ વૈશ્વિક સ્તર પર પોતાની પ્રભાવશાળી હાજરી નથી નોંધાવી શકતી. દુનિયાની સર્વોચ્ચ યુનિવર્સિટીઓમાં આપણી કોઈ યુનિવર્સિટીનું નામ નથી, જ્યારે આપણા દેશમાં નાલંદા, વિક્રમશિલા અને તક્ષશિલા જેવી મહાન યુનિવર્સિટીઓની બૌદ્ધિક પરંપરા રહી છે. વિદેશી શિક્ષણ પદ્ધતિને અપનાવવાનું પરિણામ છે કે આપણી યુવા પેઢી આપણા દેશનાં મૂળિયાં સાથે નથી જોડાઈ શકતી. યુવા આત્મકેન્દ્રિત થઈ રહ્યા છે, જેનાથી તેઓ પોતાના રાષ્ટ્રીય, સામાજિક અને પારિવારિક દાયિત્વોની ઉપેક્ષા કરી રહ્યા છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેસરી ઝંડી આપી ‘ચલો, કુંભ ચલે’ યાત્રાનો ગાંધીનગરથી પ્રારંભ કરાવી પ્રથમ વોલ્વો બસનુ પ્રસ્થાન કરાવ્યું

# ગુજરાતના વધુને વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધારે બસો મૂકવા અંગે નિર્ણય લેવાશે : મંત્રી હર્ષ સંઘવી

**મુસાફરોને યાત્રા રૂટ પર કોઈ અગવડ ન પડે તે માટે રોકાણ સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવીને ટુંકમાં નિર્ણય લેવામાં આવશે**

**આજથી દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

ગુજરાતના શ્રદ્ધાળુઓ પોતાના પરિવારજનો સાથે પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની ડૂબકી લગાવી શકે તે માટે પ્રયાગરાજ યાત્રા સરળ બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતથી દરરોજ પ્રયાગરાજ એસી વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે.

તે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રયાગ રાજ જતી પ્રથમ બસ ને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી ‘ચલો, કુંભ ચલે’ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ મંત્રોચ્ચાર તેમજ વિધિ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને સન્માનપૂર્વક આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.



મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, પ્રયાગરાજ ખાતે જઈને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જે સકારાત્મક નિર્ણય લીધો છે તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

ઑનલાઈન બુકિંગ શરૂ થતાની સાથે જ ગણતરીના કલાકોમાં બુકિંગ ફૂલ થઈ ગયું છે.

ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશો મુજબ નિર્ણય લેવામાં આવશે.

મુસાફરોને યાત્રા રૂટમાં કોઈ અગવડ ન પડે તે માટે રોકાણ સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવીને આ નિર્ણય લેવામાં આવશે.

હાલની સ્થિતિ મુજબ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે. આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ વોલ્વો બસ સેવા નો પ્રારંભ કરાવ્યો તે વેળાએ ગાંધીનગર ના ધારાસભ્ય શ્રીમતી રીટા બહેન પટેલ, મેયર શ્રીમતી મીરાં બહેન પટેલ તેમજ શહેર અને જિલ્લા સંગઠન ના પદાધિકારીઓ, પ્રવાસન અગ્ર સચિવશ્રી ડો. રાજેન્દ્ર કુમાર, એસ ટી કોર્પોરેશન ના એમ ડી અનુપમ આનંદ અને વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### યુવાન માટી બચાવવાની ઝુંબેશ સાથે ભારતની સાયકલ યાત્રા પર નીકળ્યો

# માટી બચાવોના ઉદ્દેશ્ય સાથે સાયકલ દ્વારા ૧૬,૮૦૦ કિમીનો પ્રવાસ કરીને યુવાન મહેસાણા ખાતે પહોંચ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

લલિતપુર ઉત્તર પ્રદેશના ૨૩ વર્ષીય ખેડૂત પુત્ર મોહિત નિરંજન, સદગુરુ દ્વારા પ્રેરિત માટી બચાવો ના સંદેશ સાથે સમગ્ર ભારતમાં સાયકલ ચલાવી રહ્યા છે. તેમણે ૧૬ નવેમ્બર ૨૦૨૨ ના રોજ લલિતપુરથી શરૂઆત કરી હતી. તેઓ મહાશિવરાત્રીના મંચ પર લાખો લોકોની સામે ઈશા યોગ કેન્દ્રમાં સદગુરુને મળ્યા. સદગુરુએ તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કન્યાકુમારી, રામેશ્વરમ સુધી સાયકલ ચલાવી, ઉત્તર પૂર્વ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન સુધીના તમામ રાજ્યોને આવરી લીધા અને ૨૬મી સાંજે ઉદયપુરથી ગુજરાત પાલનપુર થઈને મહેસાણામાં પ્રવેશ કર્યો. અત્યાર સુધી તેમણે ૧૬,૮૦૦ કિમીનું અંતર કાપ્યું છે, તેમનું લક્ષ્ય ૩૦,૦૦૦ કિમીનું અંતર કાપવાનું છે. તેમણે થરાદ માટી પરીક્ષણ પ્રયોગશાળાની મુલાકાત લીધી અને માટીના સ્વાસ્થ્યને સુધારવા માટે બનાસ ડેરી અને માટી બચાવો પહેલ સાથે કામ કરતા ખેડૂતોને મળ્યા અને બનાસ ડેરીના એમડી શ્રી સંગ્રામ આર. ચૌધરીને મળવા માટે બનાસ ડેરી આવ્યા અને હવે મહારાષ્ટ્ર અને કર્ણાટક થઈને તમિલનાડુમાં ઈશા યોગ કેન્દ્ર, કોઈમ્બતુર તરફ તેમની યાત્રા ચાલુ રાખશે. રસ્તામાં મોહિત સામાન્ય લોકો, પ્રભાવશાળી લોકો, રાજકારણીઓ, અમલદારો, મુલાકાતી મીડિયા, વિવિધ ક્લબો, શાળાઓ અને કોલેજોની મુલાકાતો કરીને માટી બચાવોનો સંદેશ ફેલાવશે. બાકીના કિલોમીટર સુધી મોહિત માટી બચાવો અને કોન્સિયસ પ્લેનેટનો સંદેશ લઈને વિદેશ જશે.




### ૭૬ માં પ્રજાસત્તાક દિન નિમિતે દીકરાનું ઘર વૃદ્ધાશ્રમમાં રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યો

(ગરવી તાકાત) કાંકરેજ તા.૨૭

ખીમિયાણા ખાતે શહીદ મેજર પ્રવીણકુમાર ની યાદ મા આર. એમ શ્રી રણજિતસિંહ માધોસિંહ મિણા સાહેબ ના વરદ હસ્તે ધ્વજ લહેરાવ્યો હતો આ શુભ પ્રસંગે શહીદ પરિવાર દ્વારા વૃદ્ધાશ્રમ માં ચા. પાણી નાસ્તો અને જમણવાર રાખવામાં આવેલ શહીદ મેજર સાહેબ ને ફુલહાર પહેરાવીને રાષ્ટ્ર ધ્વજ ને સલામી આપીને પ્રસંગ પૂર્ણ કર્યો હતો.



આ પ્રસંગે મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### વિસનગરની શ્રીમતી સી.સી. મહિલા આર્ટસ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી



(ગરવી તાકાત) વિસનગર તા.૨૭

વિસનગર શહેર ની શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી. એન. કોમર્સ કોલેજના એન.એસ.એસ યુનિટના ઉપક્રમે તા ૨૭-૧-૨૫ ને સોમવાર ના રોજ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.એમ.એફ.પટેલ ના માર્ગદર્શન હેઠળ ૩૫માં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત માર્ગ સલામતી માટે ના કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.એમ.એફ.પટેલ .. વાઈસ પ્રિન્સિપાલ શ્રી જે.જી.મેતિયા . પ્રોફેસર કે .કે ચૌધરી એન.એસ.એસ. યુનિટનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ.આશાબેન આર.ચૌધરી અને ડૉ.ધર્મેશકુમાર એન. રાણા, એન.સી.સી ઓફિસર ડો. ડી.બી ચૌધરી તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી દર્શકભાઈ ચૌધરી તેમજ શ્રી મિલનભાઈ પટેલ સાહેબે માર્ગ સલામતી વિષય મુદ્દાઓ પર જનજાગૃતિ લાવવા માટેનું વ્યાખ્યાન પૂરું પાડેલ હતું. જેમાં લાઈસન્સ વગર વાહન ચલાવવું નહીં, હેલ્મેટ પહેરીને જ વાહન ચલાવવું તેમ જ જો તેમ ન કરવામાં આવે તો તેનાથી શું મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે તેની માહિતી પૂરી પાડેલ હતી તેમજ વાહન સેફટી અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર કોલેજ પરિવારે સહયોગ આપ્યો હતો અને કાર્યક્રમ ખુબજ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

### સીમા જાગરણ મંચ ગુજરાત પ્રાંત દ્વારા આયોજિત ‘સરહદ કો પ્રણામ’ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૭

સરહદની સંવેદનાની અનુભૂતિ માટે આવેલ વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ માટે જમીની સીમાની આધાર શિબિર ટડાવ, સુઈગામ અને સાંતલપુર માં આવેલ પ્રતિભાગીઓનો સામુહિક અનુભવ કથન અને સમાપન સત્ર નડાબેટ ખાતે યોજાયો જેમાં પ્રતિભાગીએ પોત પોતાના અનુભવ રજૂ કર્યા હતા ત્યાર બાદ અખિલ ભારતીય સંયોજકશ્રી માનનીય મુરલીધરજી ભીંડા દ્વારા યુંવાઓને રાષ્ટ્રવાદમાં જોડાવા આહવાન કર્યું હતું તથા પ્રાંત સંયોજકશ્રી માનનીય જીવણભાઈ આહીર દ્વારા સીમા જાગરણના કાર્યો અને અનુભવ કથનનું સત્ર લીધું હતું આ કાર્યક્રમમાં વિભાગ કાર્યવાહ દશરથભાઈ ઠક્કર, પ્રાંત કાર્યકારીણી સદસ્યશ્રી ડૉ કનૈયાલાલ પંચાલ, બ. કા જિલ્લા મહા મંત્રીશ્રી પરસોત્તમભાઈ દેસાઇ,જિલ્લા સંરક્ષકશ્રી કરમણભાઈ પટેલ, જિલ્લા ઉપાધ્યક્ષશ્રી ડૉ લાલજીભાઈ પટેલ કાર્યક્રમના મુખ્ય સંયોજકશ્રી વર્ધસિંહ રાજપુત તથા સહ સંયોજકશ્રી હસમુખભાઈ ત્રિવેદી સાતલપુર , ટડાવ સુઈગામ આધાર શિબિરના સંયોજક સહસંયોજકશ્રી અને સીમાજાગણ મંચના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમનું સંકલન નવઘણજી અને જીલ્લા અધ્યક્ષશ્રી કિશોરભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** મધ્યમ દિવસ ,સામાજીક બાબતોમાં લાભ મેળવી શકો, આર્થિક બાબતો ખર્ચાળ રહે, મહિલાઓએ શાંતિ જાળવવી

**વૃષભ (બ,વ,ઉ) :** કનિષ્ઠ દિવસ, કોઇ બિન જરૂરી મુડીરોકાણ કરવું નહીં, સામાજીક બાબતો કષ્ટપ્રદ રહે, મહિલા વર્ગને કલહ ટાળવો

**મિથુન (ક,છ,ઘ) :** કનિષ્ઠ દિવસ, સામાજિક બાબતોમાં દોડધામ રહે,આર્થિક પાસુ ખર્ચાળ , મહિલા વર્ગને યથાવત

**કર્ક (ડ,હ) :** ઉત્તમ દિવસ,સામાજિક માનપ્રતિષ્ઠા મેળવી શકશો આર્થિક બાબતો શ્રેયકર , મહિલાઓને પ્રવાસ લાભ

**સિંહ (મ,ટ) :** ઉત્તમ દિવસ,કોઇ અનપેક્ષિત આર્થિક લાભ મેળવી શકશો,સામાજિક બાબતો ઉત્સાહ પ્રેરક રહે,મહિલાઓને મધ્યમ

**કન્યા (પ,ઠ,ણ) :** ઉત્તમ દિવસ,કોઇ સામાજિક કાર્ય પાર પાડી શકો, આર્થિક પાસુ ખર્ચાળ રહેશે, મહિલાઓ માટે લાભકારી

**તુલા (ર,ત) :** કનિષ્ઠ દિવસ,કોઇ આકસ્મિક ખર્ચ આવી પડે,સામાજિક બાબતો ખર્ચાળ ,મહિલા વર્ગને શાંતિ સેવવી

**વૃશ્ચિક (ન,ય) :** ઉત્તમ દિવસ, મોસાળ શ્વસુરપક્ષે કોઇ આર્થિક લાભ મળે,સામાજિક બાબતો શ્રેય કર, મહિલાને આનંદપ્રદ દિવસ

**ધન (ભ,ધ,ફ) :** ઉત્તમ દિવસ, આર્થિક પાસુ સાનુકુળ રહેશે,સામાજિક બાબતો યથાવત ,મહિલા વર્ગને પ્રવાસ સુખ`

**મકર (ખ,જ) :** ઉત્તમ દિવસ, સામાજિક માનપ્રતિષ્ઠાનો પ્રસંગે બને ,આર્થિક પાસુ સાનુકુળ ,મહિલા વર્ગને પરિવાર સુખ

**કુંભ (ગ,શ,સ) :** મધ્યમ દિવસ, સામાજીક કાર્ય પાર પાડી શકશો, પણ આર્થિક પાસુ ખર્ચાળ રહેશે, મહિલા વર્ગને શ્રેયકર દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :** ઉત્તમ દિવસ , કોઇ ભૂતકાલીન રોકાણનો લાભ મેળવી શકશો, સામાજિક સરળતા, મહિલા વર્ગને આનંદપ્રદ દિવસ

## ફિલ્મી ગપશપ

### OTT પર આ અઠવાડિયુ ‘ધમાકેદાર’

# ‘નેટફ્લિક્સ’ પર તા. ૨૯ જાન્યુ.એ ‘પુષ્પા - ૨’ રિલીઝ થઇ શકે છે

જાન્યુઆરીનું અંતિમ અઠવાડિયું વિવિધ ઓટીટી પ્લેટફોર્મ્સ પર રોમાંચક નવી સામગ્રીથી ભરેલું છે. એક્શનથી ભરપૂર ફિલ્મોથી લઈને આકર્ષક વેબ સિરીઝ સુધી, આ સપ્તાહની રિલીઝ તમને તમારી સ્ક્રીન પર ચોંટાડી રાખશે. ડિઝની પ્લસ હોટસ્ટાર, ઝી ફાઈવ, નેટફ્લિક્સ જેવાં પ્લેટફોર્મ્સ પર ૨૭ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરીની વચ્ચે સૌથી વધુ ફિલ્મો અને વેબ સિરીઝ રીલીઝ થશે.

ધ સ્ટોરીટેલર ડિઝની પ્લસ હોટસ્ટાર :- ૨૮ જાન્યુઆરી

સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા સત્યજીત રેની બંગાળી ટૂંકી વાર્તા પર આધારિત, ધ સ્ટોરીટેલર સાથે રસપ્રદ પ્રવાસ માટે તૈયાર થાઓ. આ ફિલ્મ એક શ્રીમંત ઉદ્યોગપતિને અનુસરે છે જે તેની અનિદ્રાની બિમારી માટે મદદ કરવા એક વાર્તાકારની નિમણૂક કરે છે, પરંતુ વસ્તુઓ વળાંક લે છે. પરેશ રાવલ, આદિલ હુસૈન, નસીરુદ્દીન શાહ અને રેવતી મેનન સહિતની અદભૂત કલાકારો સાથેની, આ રસપ્રદ ડ્રામા ફિલ્મ ડિઝની પ્લસ હોટસ્ટાર પર ૨૮ જાન્યુઆરીએ રિલીઝ થશે.

આઈડેન્ટિટી ઝી ફાઈવ :- ૩૧ જાન્યુઆરી

૨૦૨૫ની શરૂઆતમાં, એક મલયાલમ મિસ્ટ્રી થ્રિલર ફિલ્મ રિલીઝ થઈ હતી, ફિલ્મનું નામ આઈડેન્ટિટી હતું. હવે આ ફિલ્મની ઓટીટી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. મલયાલમ ફિલ્મમાં ટોવિનો થોમસ અને ત્રિશા કૃષ્ણન મુખ્ય ભૂમિકામાં છે. આ થ્રિલર ફિલ્મ ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને હવે તે ૩૧ જાન્યુઆરીથી ઓટીટી પ્લેટફોર્મ ઝી ફાઈવ પર જોઈ શકાશે.

આ ફિલ્મનું નિર્દેશન અખિલ પોલ અને અનસ ખાને કર્યું છે. ફિલ્મમાં સસ્પેન્સનો જબરદસ્ત ડોઝ છે અને તેને પસંદ પણ કરવામાં આવ્યો છે. ટોવિનો થોમસે તેનાં ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી આપી છે.

ધ સિક્રેટ ઓફ ધ શિલેદાર ડિઝની પ્લસ હોટસ્ટાર ૩૧ જાન્યુઆરી

૩૧ જાન્યુઆરીના રોજ, ડિઝની પ્લસ હોટસ્ટાર પર ધ સિક્રેટ ઓફ ધ શિલેદાર રજૂ થશે જે એક ગુપ્ત સોસાયટી પર આધારિત ઐતિહાસિક નાટક છે જે છત્રપતિ શિવાજી મહારાજ સાથે જોડાયેલા છુપાયેલાં ખજાનાને ઉજાગર કરે છે. સાઈ તામ્હંકર, રાજીવ ખંડેલવાલ અને આશિષ વિદ્યાર્થી અભિનિત આ પીરિયડ થ્રિલર સિરીઝ ચોક્કસ તમને તમારી સીટ પર જકડી રાખશે.

યોર ફ્રેન્ડલી નેબરહુડ સ્પાઈડર મેન ડિઝની પ્લસ હોટસ્ટાર ૨૯ જાન્યુઆરી

એક નવી એનિમેટેડ શ્રેણી, યોર ફ્રેન્ડલી નેબરહુડ સ્પાઈડર મેન એક યુવાન પીટર પાર્કરને લઈને આવે છે, જે કોમિક બુક પર આધારિત છે. ૨૯ જાન્યુઆરીના રોજ ડિઝની પ્લસ હોટસ્ટાર પર આ સિરીઝ આવવાની તૈયારીમાં છે, આ એનિમેટેડ સિરીઝ નવા પિટર પાર્કર સાથે ચાહકોને વાર્તા કહેવાની નવી શૈલી લાવે છે.

## મહેસાણા મહાનગપાલિકાએ સાવારથી શહેરમાં મોટી દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી હતી

# મહેસાણા રાધનપુર રોડ ઉપર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ૧૯૮ દૂબાણો હટાવાયા : પટેલ જ્વેલર્સના દબાણ કરીને ખડકાયેલા પગથિયા તોડાયા









(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા મહાનગરપાલિકાએ આજે સવારથી શહેરમાં મોટી દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી છે. રાધનપુર ચોકડીથી પાંચોટ બાયપાસ સુધીના માર્ગ પર આવેલા દુકાનોના સેડ, કેબિન, ઓટલા અને કમ્પાઉન્ડ વોલ સહિત ૧૯૮ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પટેલ જ્વેલર્સના દબાણ કરી ખડકાયેલા પગથિયાની નીચેની ૨ હાર તોડવામાં આવી હતી.

મનપાએ ગત શુક્રવારે દુકાનદારોને નોટિસ આપીને ત્રણ દિવસમાં દબાણ દૂર કરવા જણાવ્યું હતું. જો કે, દુકાનદારો દ્વારા દબાણ દૂર ન કરાતા આજે સવારે ૧૦ વાગ્યાથી મનપાની ટીમે બે ત્નઝ્મ, ૮થી વધુ ટ્રેક્ટર અને પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી શરૂ કરી હતી.

નવી બનેલી મહાનગરપાલિકાએ શહેરમાં બેફામ દબાણોને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. દબાણ હટાવ કામગીરી દરમિયાન કેટલાક વેપારીઓએ સ્વયં પોતાના સેડ અને બોર્ડ દૂર કર્યા હતા, જ્યારે કેટલાક ફૂડ સ્ટોલ માલિકોએ પોતાના ખર્ચે ક્રેન બોલાવીને હાઈટ બોર્ડ દૂર કર્યા હતા.

રાધનપુર બસ સ્ટોપ પાસેના કોમ્પ્લેક્સમાં પહેલા માળે જવા માટે બનાવવામાં આવેલી લોખંડની સીડીઓ પણ દબાણમાં આવતી હોવાથી તોડી પાડવામાં આવી હતી. બપોર સુધી ચાલેલી કામગીરી બાદ થોડો વિરામ લેવામાં આવ્યો હતો અને બપોર બાદ ફરીથી દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

રાધનપુર ચાર રસ્તાથી પાંચોટ બાયપાસ સુધી બંને તરફના રસ્તા પર આવેલી દુકાનોની આગળ જાહેર રોડની જગ્યામાં શેડ, ઓટલા, કેબિનો, દીવાલ તથા માર્જીનની જગ્યામાં કાયમી કે હંગામી દબાણ તાત્કાલિક અસરથી ત્રણ દિવસમાં દૂર કરવા નોટિસો અપાઇ હતી. દબાણકર્તાના ખર્ચે અને જોખમે દબાણ દૂર કરવાના હતા. જોકે, આ નોટિસ પછી પણ શુક્રવારે રોડ પર દુકાનો આગળ શેડ જોવા મળ્યા હતા. શેડ સહિતનાં દબાણોના કારણે રોડ ઉપર વાહનો પાર્ક કરાતાં હોઈ ટ્રાફિક સર્જાઈ હતી. આથી મનપા દ્વારા રાધનપુર રોડ પર દબાણોનો સફાયો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

મહેસાણા મનપા દ્વારા શરૂ કરાયેલા આ દબાણ હટાવ ઝુંબેશને લઈને શહેરના અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયેલો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છેકે, રાજકીય ઓથા હેઠળ બની ગયેલા કેટલાક શોપિંગ સેન્ટરનો પણ મનપા દ્વારા દબાણ હટાવાય તેવી લોક માંગણી છે.






## જે જીવનમાં સંઘર્ષ ન હોય ત્યાં સુખ, સમૃદ્ધિ અને શાંતિના મીઠા ફળો મળી શકતા નથી. સંઘર્ષ એક એવું વૃક્ષ છે જેના મૂળ કડવા હોય છે પણ તેના ફળ ખૂબ મીઠા હોય છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



છોતેરમા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર કરવામાં આવી એક દિવસના વિરામ બાદ આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તમારા જીવન ને વેદ આધારિત બનાવીને જીવો, તેને ભેદભાવ કરીને નહીં. વેદ કહે છે કે બીજા સાથે ક્યારેય એવું વર્તન ન કરો જે તમને પોતાને ગમતું નથી. દરેકને પ્રેમ કરો અને દરેકને માન આપતા શીખો. બીજાઓ સાથે અયોગ્ય વર્તન કરતા પહેલા એ વિચારી લો કે આપણા વર્તનથી કોઈને દુઃખ ન પહોંચે.

જો તમે એ પરમાત્માને તમારો આત્મા માનો છો તો એ ભગવાન દરેકમાં વસે છે.પોતાના ફાયદા માટે બીજાને ત્રાસ આપવો એ ભેદભાવની દ્રષ્ટિ છે અને સર્વ વ્યાપી હોવાની અનુભૂતિ એ વેદ દ્રષ્ટિ છે.

પ્રાર્થના કરતી વખતે ભગવાન મારી નજીક હોય છે અને પાપ કરતી વખતે ભગવાન દૂર હોય છે.કોણ છે તે જોવાની અનુભૂતિ એક અલગ જ દ્રષ્ટિ છે. વિભીષણનું જીવન વેદના માર્ગ પર છે અને રાવણનું જીવન ભેદ ભાવના માર્ગ પર છે.જે વેદના માર્ગે ચાલે છે તે ભગવાનને પ્રિય બને છે અને જે ભેદભાવના માર્ગે ચાલે છેતે પણ તેને અપ્રિય બનેછે

જો ખરાબ ટેવોને સમયસર સુધારવામાં ન આવે તોતે કોઈપણ વ્યક્તિ માટે અભિશાપ બનીજાય છે અને તેની બદનામી અને બદનામીનું કારણ બને છે. ખરાબ ટેવોનું પોતાનું વ્યસન પણ હોય છે જો સમયસર રોકવામાં ન આવે તો તેઓ પણ વ્યસનના શિકાર બની જાય છે.

એકવાર આપણે કોઈ ખરાબ આદતના વ્યસની થઈ ગયા પછી, આપણે પોતાને ખરાબ લાગવા છતાં તેને કરવાનું બંધ કરી શકીશું નહીં. અમને તે કામ આદતપૂર્વક કરવા માટે દબાણ કરવામાંઆવશે ખરાબ ટેવો એ આપણી પ્રગતિના માર્ગમાં સૌથી મોટો અવરોધ છે. કેટલીક ખરાબ ટેવો આપણા અંગત જીવનને દૂષિત કરે છે, કેટલીક આપણું સામાજિક જીવન દૂષિત કરે છે અને કેટલીક આપણા નૈતિક જીવનને પણ દૂષિત કરે છે.

મહાન ફિલસૂફ સોક્રેટિસે લખ્યું છે કે×જો દર વર્ષે એક ખરાબ આદત ને જડમૂળથી કાઢી નાખવામાં આવે છે અને ફેંકી દેવામાં આવેછે તો સૌથી ખરાબ વ્યક્તિ પણ થોડા વર્ષોમાં સારી બની શકે છે. ×સારી ટેવો સારી વ્યક્તિને જન્મ આપે છે અને ખરાબ ટેવો ખરાબ વ્યક્તિને જન્મ આપે છે.જો તમે ખરાબ આદતો થી બચવા માટે સતત પ્રયત્નો નહીં કરો, તો તમને ખ્યાલ નહીં આવે કે ક્યારે તમારી અંદર કોઈ ખરાબ વ્યક્તિનો જન્મ થઈ ગયો છે.

જે જીવનમાં સંઘર્ષ ન હોય ત્યાં સુખ, સમૃદ્ધિ અને શાંતિના મીઠા ફળો મળી શકતા નથી.સંઘર્ષ એક એવું વૃક્ષ છે જેના મૂળ કડવા હોય છે પણ તેના ફળ ખૂબ મીઠા હોય છે.જે જીવન આજે છે તેટલું મધુર છે,તે જીવનમાં સમાન પ્રમાણમાં સંઘર્ષ થયો હશે.

ઘણીવાર આપણને મીઠાં ફળ જોઈએ છે પણ સંઘર્ષની કડવાશ નો સ્વાદ ચાખવો નથી.આપણે ભૂલી જઈએ છીએ કે જીવનની મધુરતાનું મૂળ સંઘર્ષ છે. જે લોકો આ કડવાશને ટાળવાનો પ્રયાસ કરે છે તેઓ જીવનની મીઠાશથી વંચિત રહે છે.

વ્યક્તિના જીવનમાં સંઘર્ષ જેટલો મોટો હશે તેટલીજ તેના જીવનમાં મધુરતા આવશે. પહેલા સંઘર્ષ અને પછી મધુરતા, આ જીવનનો નિયમ છે. ભગવાન શ્રી રામના સંઘર્ષોએ તેમને લોકોના પ્રિય ભગવાન રામ બનાવ્યા, જ્યારે યોગેશ્વર શ્રી કૃષ્ણના સંઘર્ષોએ તેમને મહાન નાયક બનાવ્યા.

ક્ષમા કરો અથવા ક્ષમા માગો, જીવનની ઘણી સમસ્યાઓ આપોઆપ હલ થઈ જશે. કોઈને તેની ભૂલ માટે ક્ષમા આપવી એ પણ એક હિંમતવાન અને દૈવી ગુણ છે. આપણા જીવનમાં ઘણી સમસ્યાઓ ત્યાંથી જ ઊભી થાય છે,જ્યારે આપણી અંદર અહંકારની ભાવના આવી જાય છે કે હું તેને કેમ માફ કરું..?

આપણો પોતાનો અહંકાર પછી દુશ્મનાવટ અને બદલો લેવાનું કારણ બની જાય છે. કૌટુંબિક જીવન,મિત્રતા જીવન કે સામાજિક જીવનમાં સંબંધોને મજબૂત અને મધુર બનાવવા માટે આ બેમાંથી એક ગુણ કોઈપણ વ્યક્તિમાં આગવો હોવો જોઈએ.

મહાભારતનો પાયો એ સૂત્રના આધારે નાખવામાં આવ્યો હતો કે જો કોઈ માફ કરે તો ક્ષમા કોઈની પાસેથી માંગવામાં આવતી નથી. નવા મહાભારતમાંથી છટકી ગયા પછી આપણું જીવન આનંદમાં પસાર થાય તે માટે,આપણે આપણા જીવનમાં એક સૂત્રને સ્થાન આપવું જોઈએ અને તે છે ક્ષમા કરો અથવા ક્ષમા માગો.

પ્રતિકૂળ વર્તનમાં પણ તમારા આચરણનું ગૌરવ જાળવવું એ સજ્જનતા કહેવાય છે.માત્ર ફૂલ ની માળા પહેરાવીને ખુશ થવું એ સજ્જનની નિશાની નથી.એક સામાન્ય વ્યક્તિ પણ આ કરી શકે છે.પણ કાંટાનો તાજ પહેર્યા પછી પણ ચહેરા પર સરળતાની લાગણી રહે છે, આ જ ખાનદાની અને મહાનતાની નિશાની છે.

ભૃગુજીએ લાત મારી અને માર્યા પછી પણ ભગવાન વિષ્ણુજીએ તેમની માફી માંગી. આ વાર્તાનો અર્થ એ નથી કે તમે સજ્જનોનું અપમાન કરો,પરંતુ એ છે કે જેન્ટલમેન એ છે જે અન્યની તકલીફોને નમ્રતાથી સહન કરી શકે.

જેન્ટલમેનનો અર્થ આદરણીય વ્યક્તિ નથી પણ આદરની ઈચ્છા વિનાનું વ્યક્તિત્વ છે.જે હંમેશા નમ્રતા અને પ્રેમના આભૂષણોથી શોભતો રહે છે તે સજ્જન છે. જે દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે અને બીજાને ખુશ રાખે છે તે સજ્જન છે.એવા કામ ન કરો કે તમારે બીજાની નજરથી પડવું પડે કારણ કે પહાડ પરથી પડ્યા પછી તમે ફરી ઊભા થઈ શકો છો પણ આંખો માંથી પડ્યા પછી ઊઠવું આસાન નથી.જેમ મહેલ બનાવવામાં વર્ષો લાગે છે,પરંતુ તેને નષ્ટ કરવા માટે એક ક્ષણ પૂરતી છે.એ જ રીતે, ચારિત્ર્ય ઘડવામાં વર્ષો લાગે છે પણ પાત્રને ઘડવામાં માત્ર એક ક્ષણ લાગે છે. દરેક કાર્ય કરતા પહેલા તેના પરિણામો વિશે વિચારવું એ બુદ્ધિશાળી લોકોની નિશાની છે. અને કાર્યપૂર્ણ થયા પછીપરિણામ વિશે વિચારવું મૂર્ખતા છે. સમજી-વિચારીને અને શાંત ચિત્તે લીધેલા નિર્ણયો જ સફળતાનો માર્ગ મોકળો કરે છે.

વાચક ચાહક મિત્રો આજે છેલ્લે મને ગમેલી એક વાત કહી આજ નો લેખ પૂરો કરીએ.આજના સમયની વડીલોની વેદના ભારે હદયે વૃદ્ધાશ્રમોમાં કોણ ?આ વેદના શું ...કહે છે..?

અદાલતમાં વૃદ્ધ વડીલે ન્યાયમૂર્તિ ને કહ્યું હું ખુબ જ શ્રીમંત વ્યક્તિ છું અને મારી પાસે પૈસાની કોઈ પણ કમી નથી તો પણ મારે પુત્ર પાસેથી દર મહિને ખર્ચ લેવો છે માટે હું આપની પાસે ન્યાય લેવા આવ્યો છું.

ન્યાયમૂર્તિ આશ્ચર્ય ચકિત થયા અને કહ્યું આપ શ્રીમંત છો તો પણ આપ ખર્ચ માંગી રહ્યા છો?ઠીક છે એ આપનો અધિકાર છે.આમાં સુનવણી ની જરૂર નથી. તમારી સારસંભાળ પુત્રએ કરવી એ પુત્રનું કર્તવ્ય છે. એમ કહી વૃદ્ધ વડીલ પાસેથી તેમના પુત્રનું નામ અને સરનામું લઈને સમન્સ મોકલીશું એમ કહી ન્યાયમૂર્તિએ બે દિવસ પછીની તારીખ આપીને કહ્યું કે એ દિવસે આપનો પુત્ર ન્યાયાલયમાં હાજર હશે અને આપના આ કેસનો નિકાલ કરીશું.

બે દિવસ પછી પુત્ર ન્યાયાલયમાં હાજર થયો પણ એ એવા ગડમ થલમાં હતો કે બાપુજીએ મને કહ્યું હોત તો મેં ખર્ચ આપી દીધો હોત પણ મને કાંઈપણ ન જણાવતા કેમ કોર્ટમાં કેસ કર્યો એમ મનમાં ને મનમાં વિચારતો રહ્યો

ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું આપના પિતાએ આપની સામે જીવન નિર્વાહ માટે કેસ કર્યો છે તો આપ આપનું નિવેદન નોંધાવો.

પુત્રએ કહ્યું સાહેબ મારા પિતાજી ખુબજ પૈસાદાર છે પણ એમને કેમ કેસ કર્યો એની પાછળનું કારણની મને ખબર પડતી નથી.

ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું તમારા પિતાએ જીવન નિર્વાહ માગેલ છે અને આપ તે કાયદાકીય રીતે આપવા બંધાયેલ છો પછી રકમ ગમે તે હોય તે તમારી પરિસ્થિતિ અનુસાર આપવી પડશે.

ન્યાયમૂર્તિએ વૃદ્ધ વડીલને પૂછ્યું આપને કેટલો જીવન નિર્વાહ જોઈએ છે તો વૃદ્ધ વડીલે કહ્યું સાહેબ દર મહિને ફક્ત ?-૧૦૦ અને એ શરતે કે મારો પુત્ર એના હાથે મારે ત્યાં આવીને આપી જાય બીજા કોઈ સાથે ન મોકલે અને એમાં કોઈપણ જાતનો વિલંબ ન થાય એની કાળજી રાખવામાં આવે.

ન્યાયમૂર્તિએ કહ્યું ઠીક છે તમારા કહેવા પ્રમાણે થશે પછી ન્યાય મૂર્તિએ પુત્રને કહ્યું કે તારે દર મહિને ?- ૧૦૦ તારા પિતાજીના હાથમાં વિલંબ ન કરતા આપી દેવા આ કોર્ટનો આદેશ છે અને તું તેનું પાલન કરીશ એવી અપેક્ષા

ન્યાયમૂર્તિએ આદેશ આપીને ખટલાનો નિકાલ કર્યો પછી વૃદ્ધ એવા વડીલને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું જો તમને કોઈ હરકત ન હોય તો મારે એક પ્રશ્ન પૂછવો છે. આપ આટલા બધા શ્રીમંત હોવા છતાં આપે પોતાના દીકરા ઉપર કેસ કર્યો અને એ પણ ફક્ત નાની એવી રકમ માટે આમ કેમ?આ પ્રશ્ન સાંભળી વૃદ્ધ વડીલના આંખમાં આસું આવ્યા અને બોલ્યા સાહેબ મારા દીકરાનું મોઢું જોવાની ખુબજ ઈચ્છા થયેલ હતી કારણ કે એ કામમાં એટલો વ્યસ્ત છે કે એને મળીને ઘણાજ દિવસ થયા હતા અને સામે બેસીને છોડો સાહેબ મોબાઇલ ઉપર ક્યારે વાતચીત કરી એ પણ ખબર નથી.

મારા પુત્ર ઉપર મને અત્યંત પ્રેમ છે એટલેજ મેં કેસ દાખલ કર્યો જેથી કરી એ દર મહિને મારી સામે આવે અને હું તેને મન ભરીને જોઈ શકું અને તેનો મને આનંદ થાય. વૃદ્ધ વડીલનું કથન સાંભળીને ન્યાયમૂર્તિ ના આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

ન્યાયમૂર્તિએ કહ્યું તમે જો મને પહેલા કીધું હોત તો મેં વડીલની સામે દુર્લક્ષ કર્યાનો અને સાર સંભાળ ન રાખવા માટે તમારા પુત્રને શિક્ષા કરી હોત. વૃદ્ધ વડિલ બોલ્યા મારા પુત્રને શિક્ષા થાય તો એ ખરાબ કહેવાત કારણ મારે એના ઉપર ખૂબજ જીવ છે અને મારથકી એને કોઈ શિક્ષા અગર ત્રાસ થાય એ મને સહન ન થાય એટલે મેં ફક્ત બે ઘડી મળે એ માટે મારે આ ઉપાય કરવો પડ્યો આ સંવાદ દૂરથી પુત્ર સાંભળી રહ્યો હતો અને એના અશ્રુનો બાંધ તુટી પડ્યો અને દોડતા આવીને એ પિતાજીને ભેટી પડ્યો અને બોલ્યો બાપુજી મને માફ કરો હું આપનો ગુન્હેગાર છું પિતાએ કહ્યું દીકરા અમને વૃદ્ધવસ્થામાં પુત્ર અમારી પાસે હોય એ જ ઈચ્છીયે છીએ.

બસ શું જોઈએ છે વૃદ્ધ માતા પિતાને ફક્ત પ્રેમ અને હૂંફ બીજું કાંઈ નહીં.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે ૭૬મો પ્રજાસત્તાક દિન ઉજવાયો

# ચેરમેન પ્રકાશ પટેલે ત્રિરંગો લહેરાવી દેશની સ્વતંત્રતામાં યોગદાન આપનાર સેનાનીઓને યાદ કરી શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી.

આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે ત્રિરંગો લહેરાવ્યો હતો અને ભારત દેશની સ્વતંત્રતામાં યોગદાન આપનાર કર્મવીર સ્વ. સાંકળચંદભાઈ પટેલ તેમજ સ્વતંત્ર ભારત માટે જીવન સમર્પિત કરનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા મહાનુભાવોને યાદ કરી શાબ્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે પ્રેસિડેંટશ્રી પ્રકાશભાઈ પટેલે ઉપસ્થિત સર્વેને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતુ કે કોઈ પણ દેશના સર્વાંગી વિકાસનો આધાર તેના યુવાનો અને શિક્ષણ ઉપર રહેલો છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી યુવાનોને આરોગ્ય અને ટેકનીકલ અભ્યાસક્રમો થકી ઉચ્ચ શિક્ષણ દ્વારા દેશના સર્વાંગી વિકાસમાં અમુલ્ય યોગદાન આપી દેશ અને દુનિયાની નામાંકિત યુનિવર્સિટીમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે બદલ યુનિવર્સિટી અને તેની સંલગ્ન સંસ્થાના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા અને સર્વે સ્ટાફને પોતાની જાતને પૂર્ણ સમર્પિત કરી ખભેથી ખભો મિલાવીને કર્મયોગી બની સમાજ અને રાષ્ટ્રની સેવા કરવા આહવાન કર્યું હતુ. આજના પ્રજાસત્તાક દિવસે યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થાઓની વિદ્યાર્થિનીઓએ દિલ્લી રાજપથ પરેડ અને ગુજરાત રાજ્યની સ્ટેટ કક્ષાએ તાપી ખાતે યોજાયેલ પરેડ માં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી યુનિવર્સિટીનું નામ રોશન કરવા બદલ તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, પ્રોવોસ્ટ ડૉ. પી.એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થાના પ્રિન્સિપાલ, ડીન, ફેકલ્ટી મેમ્બર્સ, એન.એસ.એસ.વોલેન્ટીયર અને નૂતન ગ્લોબલ સ્કૂલ અને સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### આદર્શ શૈક્ષણિક સંકુલ ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ શૈક્ષણિક સંકુલ, વિસનગર ખાતે ૭૬ માં પ્રજાસત્તાક દિને કેળવણી મંડળના પ્રમુખશ્રી કે.કે.ચૌધરીના વરદહસ્તે ધ્વજ ફરકાવી પર્વ ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે દેશના સાંસ્કૃતિક વારસાને, આઝાદીના મૂલ્યોને તથા દેશભક્તિ અને સ્વચ્છતા અભિયાન વગેરેને ઉજાગર કરતા દેશભક્તિ ગીતો, ગરબા અને નૃત્યો વગેરે કાર્યક્રમો આદર્શ શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓએ રજૂ કરી સાચા અર્થમાં દેશભક્તિ ઉજાગર કરી હતી.

કેળવણી મંડળના પ્રમુખશ્રી કે.કે.ચૌધરીએ તથા શાળાના આચાર્યશ્રી દિનેશભાઈ ચૌધરીએ દેશભક્તોના બલિદાન, દેશની અખંડતા, સ્વચ્છતા અને દેશ સેવા જેવા વિષયો વિશે રોચક પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે આદર્શ શૈક્ષણિક સંકુલ, વિસનગરના સમગ્ર સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓનો પૂરો સહયોગ પ્રાપ્ત થયો હતો.

---

**લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે**

### શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અસ્મિતા ઠાકોરના હસ્તે કરાયેલ ધ્વજ વંદન



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

આજરોજ લક્ષ્મીપુરા(ડાંગરવા) પ્રાથમિક શાળામાં ૭૬ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની અસ્મિતા અમૃતજી ઠાકોરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુંપ વર્ષ દરમિયાન ગામમાં જન્મેલી બાલિકાઓના વધામણાં કરવામાં આવ્યાં. શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો..

બાળકોને પ્રોત્સાહન આપતા ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનો તરફથી યોગદાન જાહેર કરાયું.

તાલુકા સદસ્ય ઝેણાજી ઠાકોર તરફથી આગામી શૈક્ષણિક વર્ષમાં તમામ બાળકોને એક જોડી ગણવેશ , ઈશ્વરભાઈ પટેલ તરફથી તમામ બાળકોને પેન્સિલ બોક્ષ , મહેશજી ઠાકોર તરફથી ચોપડા અને ઉપસ્થિત વાલીઓ તરફથી પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે સહકાર મળ્યો. શાળા પરિવાર વતી તમામનો આભાર માનવામાં આવ્યો

---

**નડાબેટ ખાતે ૭૬માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી**

### BSF ની પરેડ જોઈ લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.લોકગાયક નિલેશ ગઢવીએ દર્શકોને ઘેલા કર્યા



(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૭

બનાસકાંઠા જિલ્લાના ભારત પાક.આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલ નડાબેટ ટુરિઝમ ખાતે ૭૬માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી,જેમાં BSF ના ગુજરાત ફરન્ટીયર ગાંધીનગર DIG રાજેશ શર્માના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું,બાદ બાઈક રેલી, અને ભવ્ય પરેડ યોજાઈ હતી,ટુરિઝમ ખાતે દિવસભર રહેલા મેજીક શો સહિતના કાર્યક્રમો અને સાંજે પરેડ ગ્રાઉન્ડમાં રી ટ્રીટ સેરોમની કાર્યકર્મમાં BSF જવાનોએ પરેડની બાગડોર સંભાળી હતી,જેમાં BSFના જવાનો અને મહિલા જવાનોએ આધુનિક હથિયારો સાથે પરેડનું ભવ્ય પ્રદર્શન કર્યું હતું,ડોગ શો અને પરેડ અને હોર્સ સવારો ને જોઈ લોકો દેશભક્તિના રંગે રંગાયા હતા,ભાંગડા નૃત્ય, વિદ્યાર્થીઓના દેશભક્તિ ગીતો પરના પરફોમન્સ પર આફરીન પોકારી ઉઠ્યા હતા, બાદ લોક ગાયક નિલેશ ગઢવીના દેશ ભક્તિગીતો,ગરબા માં ભરચક ઓડોટોરિયમ માંથી નીચે ઉતરી સ્ટેજ આગળ લોકો ઝૂમી ઉઠ્યા હતા, સવારથી સાંજ સુધી યોજાયેલ રંગારંગ કાર્યક્રમનું સંચાલન ટુરિઝમ મેનેજર દિપક ચક્રવર્તી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું, BSFની પરેડ અને સીમા દર્શન નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતા ઈન્ડો.પાક. બોર્ડર જોવા જવા માંગતા લોકોની મોટી કતારો જોવા મળી હતી, જોકે એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

---

**પરમ પૂજ્ય આત્મારામભાઈ ડી. શર્મા (આજીવન પ્રમુખ)ની ૧૦૧મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત**

### શ્રી નાની છાસઠ નાયી સમાજ આયોજિત ભવ્ય પંચોત્સવ સમારોહ તથા ઇનામ વિતરણ સમારોહ વિદ્યાસંકુલ, મુલસણ ખાતે યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

શ્રી નાની છાસઠ નાયી સમાજ મહેસાણા દ્વારા પરમ પૂજ્ય આત્મારામભાઈ ડી. શર્માની ૧૦૧મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત પંચોત્સવ સમારોહ મુલસણ વિદ્યાસંકુલ ખાતે યોજાયો હતો.

આ પંચોત્સવ કાર્યક્રમમાં મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, જિલ્લા સદસ્ય મહીરભાઈ પટેલ, દેવેન્દ્રભા રાવળ, કડી (પ્રમુખશ્રી યોગી સમાજ ગુજરાત)અને નાયી સમાજના ભામાશા માન. ચંદભાઈ એચ. નાયી (મુંબઈ-ઘૂમાસણ) તથા અન્ય દાતાશ્રીઓએ હાજરી આપી હતી. પૂ. શર્મા સાહેબના તૈલીચિત્ર અનાવરણ ઉદ્ઘાટક અને સંપૂર્ણ ભોજન ખર્ચના દાતા શ્રીમતી કોકિલાબેન મનુભાઈ નાયી (પુનાસણ)મહેસાણાના વરદ હસ્તે




કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂજ્ય શર્મા સાહેબના લાંઘણજ ગામના તમામ પરિવારજનોએ ખાસ હાજરી આપી હતી. સમારોહમાં રાજ્યકક્ષાની સંખ્યા, ગુજરાત પ્રાંતિક નાયી સમાજના પ્રમુખ માન. શ્રીમતી ડૉ. કોકિલાબેન પારેખ, જશવંતભાઈ શર્મા અને ટીમ તેમજ ગુજરાત વાળંદ સેવા સંઘના પ્રમુખશ્રી વિપુલભાઈ દલાલ, મંત્રીશ્રી ભાનુભાઈ અને સમગ્ર ટીમ હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પ્રવિણભાઈ, મંત્રી ભરતભાઈ, ઉજવણી સમિતિના ચેરમેન વિઠ્ઠલભાઈ, કન્વીનર ડૉ. અમૃતભાઈ, ટ્રસ્ટી બાબુભાઈ અને અમૃતભાઈ એસ. નાયી (મુલસણ) અન્ય ટ્રસ્ટી ગણ તેમજ અગ્રણી શ્રી દશરથભાઈ જોરણંગ (ફોનવાલે પ્રા. લિ. ગુજરાત) વિગેરે તેમજ સહાયક યુવક મંડળના પ્રમુખ જયેશભાઈ, મંત્રીશ્રી મહેશભાઈ સહિત સમગ્ર ટીમ હાજર રહી ખુબજ પરિશ્રમ કર્યો હતો. તે સર્વેનો જ્ઞાતિજનોનો, પેટા મંડળોના હોદેદારશ્રીઓએ ખૂબ ખૂબ આભાર અગ્રણી મનુભાઈ નાયી (પુનાસણ)નો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ સાથે ગુજરાત નાટક સંગીત અકાદમી- ગાંધીનગર દ્વારા જાહેર જનતા ના હિતાર્થે લોક ડાયરા નું આયોજન કરવામાં આવેલ..જેમાં ઉ.ગુજરાત ના નામાંકિત્તિ કલાકાર જીગ્નેશ લીંબાચીયા તથા એમની K.V.M MUSICAL TEAM દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવેલ સાથે મહેસાણા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ પટેલ (અંબાસણ), તાલુકા ભાજપ ઉપપ્રમુખ નટુભાઈ પટેલ (કડવાસણ) મુખ્ય મેહમાન તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમને સહયોગ આપેલ હતો.

---

**મસાલી ગામને દેશનું પ્રથમ સોલાર વિલેજ બનાવવામાં મહત્વનું યોગદાન બદલ મંત્રી ઋષિકેશ પટેલ અને જિલ્લા કલેકટરના હસ્તે પ્રમાણપત્ર આપી સરાહના કરી**

### સુઇગામ ના.મામલતદાર પી.એન.ગઢવીનું KYC કામગીરીને લઈ કરાયેલ સન્માન

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૭

બનાસકાંઠા જિલ્લાના સરહદી સુઈગામ ખાતે ની મામલતદાર કચેરી ખાતે ના.મામલતદાર તરીકે ફરજ બજાવતા પ્રવીણદાન એન.ગઢવીને ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે સુઈગામ તાલુકાને જિલ્લામાં ધ્રુવઝમાં શ્રેષ્ઠ કામગીરી અને સુઈગામ તાલુકાના મસાલી ગામને દેશના પ્રથમ સોલાર વિલેજ બનાવવામાં મહત્વના યોગદાન બદલ મંત્રી ઋષિકેશ પટેલ અને જિલ્લા કલેકટરના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા છે,

સુઈગામ મામલતદાર કચેરીમાં ના.મામલતદાર તરીકે ફરજ બજાવતા પ્રવીણ દાન ગઢવી તાલુકાના કોરેટી ગામના વતની છે,અને સ્વભાવે એકદમ નિર્મળ અધિકારી છે, ગ્રામ્ય વિસ્તારમાંથી તાલુકામાં કામ અર્થે આવતા દરેક અરજદારો સાથે શાંતિથી વાત કરી બને ત્યાં સુધી એજ દિવસે તેનું કામ થાય એવી રીતે તેઓ અરજદારોને સતત મદદ કરતા રહે છે,સાથે તાલુકાની વહીવટી કામગીરી પણ સુપેરે નિભાવી રહ્યા છે, ૨૦૨૪ના વર્ષમાં સરકારશ્રી તરફથી તમામ વિભાગોમાં KYC ની કામગીરીની સૂચના આપેલ હતી,જેમાં



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

બનાસકાંઠા જિલ્લામાં સરહદી સુઈગામ તાલુકામાં ધ્રુવઝ ની સૌથી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ અને રણની કાંધીને અડીને આવેલા મસાલી ગામમાં તમામ ઘરો પર સોલાર પેનલની કામગીરી કરાવી દેશના પ્રથમ સોલાર વિલેજ બનાવવામાં મહત્વના યોગદાન બદલ ૭૬માં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીમાં અંબાજી ખાતે આમંત્રિત કરી તેમનું મંત્રી ઋષિકેશ પટેલ અને જિલ્લા કલેકટર મિહિર પટેલે પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું, અને તેમની કામગીરીની સરાહના કરી હતી.

---

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી- ૨૦૨૫ : મહેસાણા જિલ્લો**

### ઉમેદવારી ફોર્મ ભરવા સમયે ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર સહિત કુલ ૫ વ્યક્તિઓ જ દાખલ થઈ શકશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

રાજ્ય ચૂંટણી આયોગે જાહેર કરેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ આગામી નગરપાલિકા સામાન્ય ચૂંટણીઓ ૨૦૨૫ અને જિલ્લા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણી તથા તાલુકા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણીઓ તા. ૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. જે સંદર્ભે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડાએ એક જાહેરનામા દ્વારા મહેસાણા જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તાર ખેરાલુ નગરપાલિકા, વડનગર નગરપાલિકા અને ૨૬-મલેકપુર(ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ તથા ૬-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦-કુડા જૂથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬-જોટાણા-૨, ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાની કડી તાલુકા પંચાયત મતદાર મંડળ ના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરની ત્રીજ્યાના આસપાસના વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધ ફરમાવ્યા છે.

આ હુકમ અનુસાર ઉમેદવારી પત્રો રજૂ કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રત્યેક ઉમેદવાર દીઠ વધુમાં વધુ ત્રણ વાહનો આવવા દેવાની અને ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ઉમેદવાર સહિત કુલ ૫ (પાંચ)વ્યક્તિઓ જ દાખલ થઈ શકશે. અપક્ષ ઉમેદવાર અને બીન માન્યતા પ્રાપ્ત પક્ષના ઉમેદવારોના કેસમાં પણ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર ઉપરાંત બીજી ચાર વ્યક્તિઓ એમ કુલ પાંચ વ્યક્તિઓ જ દાખલ થઈ શકશે. પરંતુ કોઈ કારણસર દરખાસ્ત મુકનાર બીજા મતદારોને પણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં દાખલ થવું જરૂરી થાય તો પહેલા ચાર મતદારો બહાર નીકળે પછી બીજા મતદારો અંદર પ્રવેશ. એમ વારાફરતી મતદારો ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં દાખલ થઈ શકશે.આ હુકમ તા. ૨૭/૦૧/૨૦૨૫ થી તા.૦૪/૦૨/૨૦૨૫ ના ૨૪:૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે. આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કે કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભાંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહી પાત્ર ઠરશે.

---

### ભુણાવ ગામે ૭૬માં પ્રજાસત્તાક દિવસ નિમીત્તે ઉજવણી કરવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

૭૬માં પ્રજાસત્તાક દિવસ નિમીત્તે પ્રાથમિક શાળાના બાળકોએ અલગ અલગ અભિનય ગીતો રજૂ કર્યા હતા. જા પહેલા ધ્વજવંદન વિધિ કાર્યક્રમ, સ્વાગત ગીત, બાળગીત, અભિનય ગીત, ભુણાવ ગામમાં શિક્ષિત બહેનોનું સન્માન, નિવૃત શિક્ષકોનુ સન્માન, દાતાઓનું સન્માન, ગત વર્ષે પ્રથમ નમ્બર મેળવેલ વિધાર્થીઓનુ સન્માન, દેશ ભક્તિ ગીતો, ગરબા, નાટક ધાર્મિક ગીતો સહીત અલગ અલગ પોગ્રામ કરવામાં આવ્યા હતા..

વધુમાં ભુણાવ પ્રાથમિક શાળાના બાળકો દ્વવારા સવારે વહેલા ગામમાં તિરંગા સાથે રેલી કાઢવામાં આવી હતી.ભુણાવ ગામે ૭૬માં પ્રજાસત્તાક દિવસ નિમીત્તે ગામમાંથી ઊંઝા તાલુકા સદસ્ય ભાવનાબેન હર્ષદસિંહ ભુણાવ ગામના સરપંચ ભીખીબેન ભુણાવ ગામ પંચાયત સભ્યો તથા દાતા પટેલ હસમુખભાઈ અને એસ એમ સી સભ્યો સહિત ગામના વડીલો, ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર નિવૃત શિક્ષકોનુ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ શાળામાં અભ્યાસ કરતા બાળકોને જે ઈનામ આપી પ્રોત્સાહન કરવામાં આવ્યા હતા એવા દાતાઓનુ સન્માન કરવામાં આવ્યું હતું..

---

### સુઇગામના રડોસણના રણમાં નીલગાયની હત્યા કરનાર હત્યારો ઝડપાયો

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૭

અંદાજે છેલ્લા ૨૦ દિવસ થી રડોસણ ગામ ના રણ ની સિમ માં કોઈ અજાણ્યા શખ્સો દિવસે બાઈક લઈને આવી રણ માં તપાસ કરી સાંજે બાઈક અને બંદૂક લઈ ને આવી નિલગાયો ની હત્યા થતી હોવા ની માહિતી ગામલોકો ને મળતા ગત રોજ કોઈ અજાણ્યા શખ્સો બંદૂક વડે નિલ ગાય ની હત્યા કરી હોવાની જાણ થતાં ગામ લોકો એ એક શખ્સ ને પકડી પાડ્યો હતો જ્યારે અન્ય શખ્સ બાઈક અને બંદૂક લઈ ફરાર થઇ ગયા હતા જોકે આ બાબત ની જાણ વન વિભાગ ને કરતાં વન વિભાગ ની ટીમ ઘટના સ્થળે પહોંચી શખ્સ ને પકડી લીધો



હતો. મૂર્ત નીલગાય પણ જોવા મળી હતી.

જોકે અન્ય શખ્સો બાઈક અને બંદૂક લઈ ફરાર થઈ ગયા હતા.ગામ લોકો ના જણાવ્યા મુજબ આ લોકો બંદૂક થી ફાયરીગ કરી નિલગાયો ને મારી તેનું ગળું કાપી નાખેશે એક નિલ ગાય ને રૂ ૪૦૦૦૦ હજાર માં વહેંચી કંડલા પોર્ટ મારફત તેનું બીફ વિદેશ માં મોકલેસે પકડાયેલા શખ્સ પાસેથી છરો અને૪૫૪૨૦ રૂપિયા ની રોકડ રકમ મળી આવી હતી.

વન વિભાગે આ શખ્સ સહિત મુદ્દામાલ કબજે લઈ એના વિરુદ્ધ ગુનો નોંધી આગળ ની વધુ તપાસ હાથ ધરી છે.

Volume : 10 Issue : 296 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002